જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/03/૨૦૨૩ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૪૯૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૦૪ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૪૯૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડી: સમાચાર યાદી નં.૪૯૨/૨૦૨૩

**બોડકદેવ:** દિલીપનાથ માંગુનાથ જોગી (ઉ.વ.૨૭)(રહે.રુદ્ર ફ્લેટ, જાનકી એપાર્ટમેન્ટ સામે, રાજપથ-રંગોલી રોડ બોડકદેવ) એ તા.૨૧/03/૨૦૨૩ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી (૧) હુમાયુ પાનવાલા અને (૨) શેખ મોહંમદ જાબીર (રહે. સિંધીવાડ જમાલપુર) એ ભેગામળી દિલીપનાથનો વિશ્વાસ કેળવી તેમની નિયોન કાર કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦/- તા.૨૮/૦૧/૨૦૨૩ થી તા.૦૭/૦૨/૨૦૨૩ સુધી ૧૦ દિવસ માટે ભાડેથી ચલાવવા સારૂ રૂપિયા ૭,૦૦૦/- ભાડુ ચુકવી લઇ જઇ, આજદિન સુધી દિલીપનાથની ઈયોન કાર પરત નહી આપી તેમજ દિન-૪૨ ના ભાડાના કુલ રૂપિયા ૨૯,૪૦૦/- નહી ચુકવી દિલીપનાથ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.વાય.ચૌહાણ ચલાવે છે.

**સાયબર ક્રાઇમ**: સપન શૈલેષભાઇ દેસાઇ (ઉ.વ.૪૨)(રહે.અભયનગર સોસાયટી નવરંગ હાઇસ્કુલ સામે નવરંગપુરા) એ તા.૨૧/03/૨૦૨3 ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/03/૨૦૨3 બપોરના ૨/00 થી સાંજના ૪/૧૦ સુધીના સમયગાળા દરમ્યાન સપનના પિતાજીના મોબાઇલમાં આવેલ અલગ-અલગ ઓટીપી કોઇપણ રીતે અજાણી વ્યક્તિએ મેળવી લઈ, સપનના પિતાજીના ફોનથી કનેક્ટેડ ત્રણ અલગ-અલગ એચ.ડી.એફ.સી બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૨,૮૦,૦૦૦/- ઓનલાઇન ઉપાડી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી શ્રી બી.એમ.પટેલ ચલાવે છે.

**ઘરફોડ ચોરી**: **સમાચાર યાદી નં.૪૯૩/૨૦૨૩**

**ખોખરા**: કપીલાબહેન વા/ઓ અરવિંદભારથી ગૌસ્વામી (ઉ.વ.૫૫)(રહે.સાંઇશેરી ખોખરાગામ વસાવડા હોલ સામે ખોખરા) એ તા.૨૧/03/૨૦૨3 ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૨/૨૦૨3 બપોરના 3/00 થી તા.૦૮/૦૨/૨૦૨3 ના કલાક ૬/00 વાગ્યા દરમ્યાન પોતાના મકાનની જાળીનો નકુચો અને દરવાજાનું તાળૂ તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, તિજોરીમાથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા 3,00,000/- મળી કુલ રૂપિયા 3,૪૬,000/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.વાય.પટેલ ચલાવે છે.

**સોનાની ચેઇન/મંગળસુત્ર ખેંચી તોડી લઇ ગયો**:- **સમાચાર યાદી નં.૪૯૪/૨૦૨૩**

**શાહીબાગ**: સંકેતભાઇ સુરેશકુમાર લુક્કડ (ઉ.વ.3૦)(રહે.પ્લેટીનમ હાઈટસ ઓપોઝીટ વિજય ફ્લેટ ઓસવાલભવન સામે શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/03/૨૦૨3 રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે શાહીબાગ સરદાર પટેલ સ્મારક નજીક પાથેય ફલેટ આગળ રોડ ઉપર સંકેતભાઇ તેમના પત્ની નિશાબહેન સાથે વોકીંગ કરતા હતા ત્યારે બુલેટ મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યો પુરૂષ સંકેતભાઇના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.પારેખ ચલાવે છે.

**નરોડા**: પાર્થભાઇ હેમંતભાઈ સોલંકી (ઉ.વ.૨૪)(રહે.સોમનાથ મહાદેવ મંદીર સામે, મીઠાખળી ગામ, એલીસબ્રીજ) એ તા.૨૧/03/૨૦૨3 ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/03/૨૦૨3 ના કલાક ૦૦/૧૫ વાગ્યાના સુમારે નેશનલ હેન્ડલુમ સામે રોડ ઉપર પોતાની એક્ટીવા ઉપર પત્ની તથા પુત્રી સાથે પસાર થતા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યો પુરૂષ પાર્થભાઇની એક્ટીવાની બાજુમાં મોટર સાયકલ ચલાવી લાવી, પાર્થભાઇની પત્નીના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા 3૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૯૫/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** રીન્કુબહેન વા/ઓ જયદિપસિંહ વાઘેલા (ઉ.વ.૨૮)(રહે.મોટો દરબારવાસ ઓગણજ ગામ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૩/૨૦૨૩ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.વી.રબારી ચલાવે છે.

**નિકોલઃ** કૃણાલ ગોપાલ ચૌધરી (ઉ.વ.૨૩)(રહે.ગેલેક્સી બંગ્લોઝ હરીદર્શન ક્રોસ રોડ પાસે કાવેરી બંગ્લોઝ સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૩/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે બગલ થેલાનો પટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રકુમાર તખતદાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી